सत्यमेव जयते

રજુ તારીખ:– ૧૯/૧૧/૨૦૨૪
દાખલ તારીખ:–૧૯/૧૧/૨૦૨૪
નિકાલ તારીખ:–૩૦/૦૩/૨૦૨૬
અવધિ:–૦૧વર્ષ–૦૪ માસ–૧૧ દી.
ફોજદારી કેસ **નં.૪૬૩/૨૦૨૪**
આંક–

FORM-A

પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજી.ફ.ક. ની કોર્ટમા મું.બાબરા, જિ.અમરેલી
કોડ નં.જી.જે. ૦૧૫૪૮
ચુકાદાની તારીખ:–૩૦/૦૩/૨૦૨૬
કિમીનલ કેસ **નં. ૪૬૩/૨૦૨૪**
બાબરા પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.ગુ.ર. **નં.૧૧૧૯૩૦૦૮૨૪૦૧૬૬/૨૦૨૪**

| | |
|---|---|
| ફરિયાદી<br>ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી | ધી સ્ટેટ ઓફ ગુજરાત<br>વિ.એ.પી.પી. શ્રી આર.પી.રાણા |
| આરોપી | **ચેતનસિંહ ડવસિંહ રાવત ઉ.વ.૩૦**<br>રહે. મું.પીથડા, મંડાવર, હાઈસ્કૂલની સામે, તા.ભીમ જિ.રાજસમંદ (રાજસ્થાન)<br>હાલ રહે.નેશનલ હાઈ–વે બાયપાસ, રાજશકિત રોડવેઝ, ગોંડલ, જિ.રાજકોટ |
| આરોપી તરફે વી.વ.શ્રી | એન.પી.વસાણી |

FORM-B

| | |
|---|---|
| બનાવ તારીખ | ૧૮/૦૩/૨૦૨૪ |
| એફ.આઈ.આર. તારીખ | ૧૦/૦૪/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૧૯/૧૧/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૦૪/૦૪/૨૦૨૫ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૧૧/૦૮/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | – |
| ચુકાદા તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | ------- |

**ઃ– આરોપીની વિગત ઃ–**

| આરોપી નં. તથા આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન /નિર્દોષ | સજા | બી.એન.એસ. કલમ–૨૭૧ હેઠળ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|
| **૧.ચેતનસિંહ ડવસિંહ રાવત ઉ.વ.૩૦** | ૨૬/૦૪/ ૨૦૨૪ | ૨૬/૦૪ /૨૦૨૪ | ઈ.પી.કો. કલમ– ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭ ૩૩૮, તથા એમ.વી. એક્ટની કલમ– ૧૩૪, ૧૭૭, ૧૮૪ | – | – | – |

FORM-C

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે સાહેદ લીસ્ટ

એ./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| ફરી.સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| 1. | ૦૮ | રફીકભાઈ કરીમભાઈ જેઠવા | ફરિયાદી |
| 2. | ૧૩ | કામીલભાઈ મુસ્તાકભાઈ અગવાન | સાહેદ |
| 3. | ૧૪ | યાસ્મીનબેન હબીબભાઈ જેઠવા | સાહેદ |
| 4. | ૧૫ | અશરફભાઈ આદમભાઈ પરમાર | સાહેદ |
| 5. | ૧૬ | ચંદ્રસિંહ નટુભા ઝાલા | પંચ સાહેદ |
| 6. | ૧૮ | રીઝવાનભાઈ યુનુસભાઈ માલવીયા | પંચ સાહેદ |
| 7. | ૨૬ | મુકેશભાઈ કાબાભાઈ વૈષ્ણવ | પંચ સાહેદ |
| 8. | ૨૭ | આરીફભાઈ મહંમદભાઈ રાધનપરા | ત.ક.અ. |

બી./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નં. આંક | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ............. | ............. | ............. |

સી./કોર્ટપક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નં. આંક | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ............. | ............. | ............. |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે આંક

એ./ફરીયાદપક્ષે આંક–

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| 1. | ૦૯ | ફરિયાદ |
| 2. | ૧૦ | મો.સા. ના આર.સી.બુકની ઝેરોક્ષ નકલ |
| 3. | ૧૭ | આરોપી અટક પંચનામું |
| 4. | ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 5. | ૨૦,૨૧,૨૪ | સારવાર સર્ટીઓ. |
| 6. | ૨૨ | મરણ પ્રમાણપત્ર |
| 7. | ૨૩ | ડેથ સમરી ફોર્મ |
| 8. | ૨૮ | ડે.હુકમ |
| 9. | ૨૯ | ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) નો ઉમેરો કરવા કરેલ રીપોર્ટ |
| 10. | ૩૦ | ડ્રાઈવિંગ લાયસન્સની નકલ |
| 11. | ૩૧ | ટ્રકના આર.સી.બુકની નકલ |

બી./બચાવપક્ષે આંક

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ............. | ............ | ............ |

સી./કોર્ટ તર્ફે આંક

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ............. | ............ | ............ |

કબજે કરેલ મુદ્દામાલ

| અનુક્રમ નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ............. | ............. | ............. |

**-ઃ ઠરાવ ઃ-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૦૩/૨૦૨૪ ના રોજ ક.૧૩/૩૦ કલાકે બાબરા ગામે ફરિયાદીના દીકરા હુસેન જેઠવા પોતાના હવાલાનું સુઝુકી કંપનીનું કાળા કલરનું બર્ગમેન જેના રજિ.નં.જીજે-૧૪-બીઈ-૫૬૨૫ વાળું લઈને બાબરા નાના બસ સ્ટેન્ડથી બાબરા શાહ પેટ્રોલપંપ તરફ જતા હોય તે વખતે જુની જી.ઈ.બી. ની ઓફીસ પાસે હાઈવે રોડ ઉપર પહોંચતા સામેથી અશોક લેલેન્ડ કંપનીનો બલકર જેના રજિ.નં. જીજે-૧૧-ટીટી-૮૮૩૯ નું આવતું હોય જે વાહન ચાલકે પોતાના હવાલાનું વાહન પૂરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બલકરના પાછળના વ્હીલમાં ફરિયાદીના દીકરાને અડફેટે લઈ માથાના જમણા ભાગે ગંભીર ઈજા કરી, હેમરેઝ કરી, પોતાના હવાલાનું વાહન મૂકી નાસી જઈ, ગુનો કરેલ હોય તે અંગેની ફરિયાદ, ફરિયાદીએ બાબરા પોલીસ સ્ટેશનમાં ગુના રજી.**નં. ૧૧૧૯૩૦૦૮૨૪૦૧૬૬/૨૦૨૪** થી આપતા તપાસ કરનારે **ઈ.પી.કો કલમ-૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૩૪, ૧૭૭, ૧૮૪** મુજબનો ગુન્હો નોંધેલ અને તપાસના અંતે તપાસ અધિકારીએ આ અદાલતમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આરોપીને સમન્સ બજી જતાં આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ. તેને **ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭** પ્રમાણે પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે, તે અંગેની ખાત્રી કરેલ છે. ત્યારબાદ સદર કામે **ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૪** મુજબ આરોપી વિરુધ્ધ **આંક-૦૬** અન્વયે આરોપીએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરીયાદપક્ષે **ઈ.પી.કો કલમ- ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૩૪, ૧૭૭, ૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુનાનો પોતાનો કેસ સાબિત કરવા પુરાવો આગળ નોંધવામાં આવેલ છે.

**(૩)** આ કામે ફરીયાદક્ષે તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે જણાવેલ **ફોર્મ સી** મુજબ મૈખિક અને લેખીત પુરાવા આપેલ છે.

**(૪)** આ કામે આરોપીપક્ષ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૫)** આ કામે ફરીયાદપક્ષના પુરાવા થયા બાદ આરોપીનું સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, કહેવાતો કોઈ ગુનો કરેલ ન હોવાનું અને તેઓ નિર્દોષ હોવાનું જણાવી, નિર્દોષ છોડી મુકવા

વિનંતી કરેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી રાણાની તથા આરોપી તરફે વિ.વ.શ્રી એન.પી.વસાણીની દલીલો સાંભળી.

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.ની રજુઆત છે કે, ફરીયાદપક્ષે આપેલો પુરાવો આરોપી વિરૂધ્ધની ફરીયાદપક્ષની રજુઆત તે જ તેમની દલીલ છે અને રજુ ફરીયાદ તથા પંચનામા વિગેરે રજુ છે, જેથી તે દસ્તાવેજી પુરાવાને ના માનવાને કોઈ કારણ નથી.વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ તમામ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ હોય આરોપી વિરુદ્ધના **ઈ.પી.કો.કલમ– ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪** મુજબની કલમોના તમામ તત્વો ફરીયાદપક્ષ નિઃશંકપણે ફલીત કરી શકેલ છે. તેમજ આ કામે ફરિયાદી અને સાહેદોએ પણ બનાવની હકીકતને સંપુર્ણ સમર્થન આપેલ હોય તેઓનો પુરાવો પણ ફરીયાદ હકીકતને સમર્થન પુરુ પાડે છે. તેમજ આ કામે મહત્વના સાહેદ એવા ફરીયાદીની હકીકતોથી આરોપીપક્ષે ફરીયાદ હકીકત સંબંધી મહત્વનો કોઈ વિરોધાભાસ કે કોન્ટ્રાડીક્શન તેઓની ઉલટ દરમ્યાન રેકર્ડ પર લાવી શકેલ નથી જેથી તેઓના પુરાવાથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સંપુર્ણપણે રેકર્ડ પર ફલીત કરી શકેલ છે. વધુમાં આ કામે તપાસ કરનારને તપાસમાં આવેલ છે કે જેઓ આ કામના સાહેદોનું કોન્ટ્રાડીક્શન પુરવાર કરવા માટે યોગ્ય સાક્ષી હોય પરંતુ આરોપીપક્ષે કોઈ કોન્ટ્રાડીક્શન કે એડમીશન લેવામાં આવેલ નથી જેથી તેઓએ પણ ફરીયાદ હકીકતે તપાસ સંભાળી, તપાસ દરમ્યાન આરોપી વિરુદ્ધના યોગ્ય પુરાવાઓ જણાયેલ હોય આરોપી વિરુદ્ધ આ કામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં, ૨૦૦૭(૧) જી.એલ.આર. ૯૯ ના ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે ઠરાવેલ સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષ તરફે કોઈ નાની નાની ખામીઓ કે ભુલો રેકર્ડ પર આવેલ હોય જેનો કોઈ લાભ આરોપીને મળવો જોઈએ નહીં કે જેથી ફરીયાદપક્ષનો કેસ પણ માર્યો જતો નથી કે આરોપીને પણ તેનો કોઈ ગેરવ્યાજબી શંકાનો લાભ મળવાપાત્ર રહેતો નથી. વધુમાં આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે અને જેમાં પણ આરોપીપક્ષે માત્ર ડીનાઈલ મુજબના જવાબ આપવામાં આવેલ છે કોઈ સ્પષ્ટ બચાવ લેવામાં આવેલ નથી. આમ, રેકર્ડ પરની તમામ હકીકતો તથા મૌખીક તથા દસ્તાવેજી પુરાવા પરથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સંપુર્ણ રીતે નિઃશંકપણે સાબીત કરી શકેલ હોય જેથી આરોપીએ **ઈ.પી.કોડની કલમ– ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪** મુજબનો ગુનો કરેલ હોય તેની જોગવાઈ પ્રમાણે મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

બચાવ પક્ષે વિ.ધારાશાસ્ત્રી તેમની મૌખીક દલીલોમાં મહદઅંશે તેમણે ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસમાં લીધેલ બચાવ પ્રમાણેની દલીલો કરેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોમાંથી આ ગુનાના કામે અગત્યના ગણાય તેવા

ફરીયાદી જ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાનું તથા આ કામે અન્ય સાહેદ પણ ફરીયાદ હકીકતને કોઈ જ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી તેમ જણાવેલ છે. તેમજ આ કામે પંચો કે અન્ય સાહેદો પણ બનાવને કોઈ સમર્થન આપતા નથી અને તેથી ફરિયાદ જ શંકા ઉત્પન્ન કરતી હોય ત્યારે આરોપીને ચોક્કસ શંકાનો લાભ મળવો જોઈએ. તેમજ તપાસ કરનારે માત્ર પોતાની ફરજ મુજબની જ કામગીરી કરેલાની હકીકત જણાવેલ છે. આમ, સદરહુ સાહેદોએ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ બનાવ સમયે, બનાવ સ્થળે હાલના જ આરોપીએ પોતાના હવાલાવાળું વાહન ગફલતભરી રીતે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના દીકરા સાથે અકસ્માત કરેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષ આ કામે રજુ થયેલ તેમના મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ તેમનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૭) આ કામે પડેલ પુરાવા ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે અમારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

**::–મુદ્દાઓ–::**

:૧: શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૦૩/૨૦૨૪ ના રોજ ક.૧૩/૩૦ કલાકે બાબરા ગામે ફરિયાદીના દીકરા હુસેન જેઠવા પોતાના હવાલાનું સુઝુકી કંપનીનું કાળા કલરનું બર્ગમેન જેના રજિ.નં.જીજે–૧૪–બીઈ–૫૬૨૫ વાળું લઈને બાબરા નાના બસ સ્ટેન્ડથી બાબરા શાહ પેટ્રોલપંપ તરફ જતા હોય તે વખતે જુની જી.ઈ.બી. ની ઓફીસ પાસે હાઈવે રોડ ઉપર પહોંચતા સામેથી અશોક લેલેન્ડ કંપનીનો બલકર જેના રજિ.નં. જીજે–૧૧–ટીટી–૮૮૩૯ નું આવતું હોય જે વાહન ચાલકે પોતાના હવાલાનું વાહન પૂરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બલકરના પાછળના વ્હીલમાં ફરિયાદીના દીકરાને અડફેટે લઈ માથાના જમણા ભાગે ગંભીર ઈજા કરી, હેમરેઝ કરી, પોતાના હવાલાનું વાહન મૂકી નાસી જઈ, **ઈ.પી.કો કલમ– ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ– ૧૩૪, ૧૭૭, ૧૮૪** મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દા અંગે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

:૧: નકારમાં,

:૨: આખરી હુકમ મુજબ.

## –:: કા ર ણો ::–

**અ)** ભારતીય ફોજદારી ધારાની કલમ **૨૭૯** મુજબનો સરીયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.

૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવેલ છે.

૩. જેના કારણે જનસમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**બ)** ભારતીય ફોજદારી ધારાની કલમ **૩૩૭, ૩૩૮** મુજબનો બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યોથી વ્યથા કે મહાવ્યથા કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.

૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ.

૨. તેવા કૃત્યના કારણે માનવજીંદગી કે અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાઈ.

૩. તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને મહાવ્યથા નિપજી.

**ક)** તેમજ ભારતીય ફોજદારી ધારાની કલમ–**૩૦૪–અ** મુજબ બેદરકારીથી મૃત્યુ નિપજાવવા બાબતે હોય જે બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧) કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજયું,

૨) આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપુર્વક આચરેલા કૃત્યના કારણે નિપજ્યું,

૩) આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

**ડ)** મોટર વ્હિકલ એકટ ની કલમ–**૧૮૪, ૧૭૭, ૧૩૪** સાથે વાંચતા ભયજનક રીતે વાહન ચલાવવાને ગુનાની સજા અંગેની સામાન્ય જોગવાઈઓ સાથે વાંચતા તે મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય એવી ઝડપે/રીતે મોટર વાહન ચલાવેલ છે.

**(૯) મુદા નંબર–૧ તથા ૨ ની સંયુકત ચર્ચા::–**

(૯.૧) મુદ્દા નંબર–૧ ની સાબીતીનો બોજો ભારતીય પુરાવા ધારાની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષ ઉપર હોય તે દૂર કરવા ફરીયાદપક્ષે જે જે પુરાવો રજુ કરેલ છે તે તમામ વંચાણે લેવામાં આવે તો તમામના મૌખીક પુરાવામાં સૌપ્રથમ ફરીયાદપક્ષે **આંક–૦૮** થી ફરિયાદી રફીકભાઈ કરીમભાઈ જેઠવાને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, હુ બાબરા મુકામે રહું છું અને ડ્રાઈવીંગ કરું છું. મે કરેલી ફરીયાદ બાબતે મને પુછતા જણાવું છું કે, હાલનો બનાવ તા.૧૮/૦૩/૨૪ નારોજ બનેલો. બનાવમાં એવું બનેલ કે, હું ગામડેથી ઘરે આવવા નીકળેલો તે સમયે મારા માસીના દીકરા અશરફભાઈએ મને ફોન કરી જણાવેલ કે, મારા દીકરા હુસેનનો અકસ્માત થયેલ છે અને મને બાબરા સરકારી દવાખાને બોલાવેલો આથી હું બાબરા સરકારી દવાખાને ગયેલ અને ત્યાં જઈને જોયું તો હુસેન બેભાન હાલતમાં હતો અને લોહી નીકળતું હતું.

તે બાદ ત્યાંના ડોકટર સાહેબે વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનું કહેતા હું અને કામીલભાઈ એમ બંને મારા દીકરા હુસેનને લઈને રાજકોટ એસ.સી.જી. હોસ્પિટલ માં ગયેલા અને તેને દાખલ કરેલો અને તેને હેમરેજ થયેલ હોવાની અમને જાણ થયેલી. તે બાદ વધુ સારવાર અર્થે વેદાંત હોસ્પિટલ અને ત્યાંથી મધુરમ હોસ્પિટલ એમ આશરે ત્રણેક મહિના સુધી મારા દીકરા હુસેનને રાજકોટ સારવાર કરાવેલી અને તે બાદ તેને લઈને અમે ઘરે આવતા રહેલા. સમગ્ર સમય દરમ્યાન મારો દીકરો હુસેન કોમામાં જ રહેલો. હુસેનને અમે લગભગ દોઢેક માસ જેટલો સમય ઘરે રાખેલો અને તે બાદ વચ્ચે વચ્ચે તેની સારવાર માટે રાજકોટ જવાનુ બનેલું ત્યાં આશરે દસેક દિવસ જેટલો સમય મારા દીકરાની સારવાર ચાલેલી. તે બાદ સારવારમાં ખર્ચો થતો હોય અને નાણાંકીય ભીસના કારણે હુસેનને અમે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાં આશરે છ કલાક બાદ મારો દીકરો હુસેન ગુજરી ગયેલો.

મને આ અકસ્માત બાબતે હું પ્રથમ જયારે બાબરા સરકારી દવાખાને ગયેલો ત્યારે અશરફભાઈએ એવું જણાવેલ કે, હુસેન ટુ વ્હીલર રજી.નં.જીજે.૧૪.બી.ઈ.૫૬૨૫ વાળું લઈ જતો હતો અને નાના બસ સ્ટે. થી પેટ્રોલપંપ તરફ જતા રસ્તામાં જુની જીઈબી પાસે એક ટ્રક રજી.નં. જીજે.૧૧.ટીટી.૮૮૩૯ વાળું પુરઝડપે આવતો હતો અને મારો દીકરો હુસેન આ ટ્રકના પાછળના વ્હીલમાં આવી ગયેલો તેના કારણે આ અકસ્માત થયેલો. મે આ બનાવની ફરીયાદ તા.૧

૦/૦૪/૨૪ નારોજ આપેલી કારણ કે અમે હુસેનની સારવારમાં રોકાયેલા હતા તેથી આ ફરીયાદ મોડી આપેલી. મને મે આપેલી ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે તે ઓળખી બતાવું છું જે ફરીયાદ રજુ દાખલ આંક–૯ આપવામાં આવે છે. મે ફરીયાદ સાથે મારો દીકરો હુસેન મારું જે સ્કુટર લઈને જતો હતો તેની આર.સી.બુકની ઝેરોક્ષ આપેલી જે મને બતાવવામાં આવે છે તે ઓળખી બતાવું છું જે બચાવપક્ષની સંમતિથી રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે બનાવ સમયે હું મારા કામના સ્થળેથી ઘરે આવતો હતો. તે વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકું નહી. તે વાત ખરી છે કે બાબરામાં શાહ પેટ્રોલ પંપ પાસે ચાર રસ્તા આવેલા છે. તે વાત ખરી છે કે બનાવવાળું સ્થળ હાઈવે હોય જેથી વાહનોની સતત અવર જવર રહે છે. તે વાત ખરી છે કે બનાવ બાદ પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી. તે મને હાલ યાદ નથી કે, મે ફરીયાદમાં ટ્રકના ચાલકનું નામ જણાવેલ છે કે કેમ. તે વાત ખરી નથી કે મને આજદિન સુધી વાહન ચાલકનું નામ જાણવા મળેલ નથી, સાહેદ જણાવે છે કે, મને ફરીયાદ દાખલ થયા બાદ નામ જાણવા મળેલ.

(૯.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૩ થી** સાહેદ કામીલભાઈ મુસ્તાકભાઈ અગવાનને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, હુ બાબરા મુકામે રહું છું અને ખેતીકામ કરૂ છું. હાલના બનાવ બાબતે પુછતા જણાવુ છુ કે, આ બનાવ તા. ૧૮/૦૩/૨૪ ના રોજ નાના બસ સ્ટેન્ડ પાસે આવેલ જુની જી.ઈ.બી. ની ઓફીસ પાસ ે બપોરે સાડા અગિયાર થી એક ના ગાળામાં બનેલો. બનાવમાં એવુ બનેલુ કે, હુ ઘરેથી શાહ પેટ્રેલપંપ તરફ જઈ રહયો હતો ત્યારે મને રફીકભાઈ જેઠવાએ ફોન કરી જણાવેલ કે, હુસેનનો જેની જી.ઈ.બી. પાસે અકસ્માત થયેલ છે આથી હુ ત્યાં ગયેલો અને જોયુ તો આ રફીકભાઈનો દીકરો હુસ ેન બેભાન હાલતમાં રોડ ઉપર પડેલ હતો અને તેને આંચકા આવતા હતા અને રોડ ઉપર હુસેનનુ મો.સા. પણ હતુ. આ હુસેનનો અકસ્માત અશોક લેલેન્ડ ટ્રક સાથે થયેલો હતો તેવુ મને જાણવા મળેલુ. ત્યાર બાદ અમે હુસેનને સારવાર અર્થે પ્રથમ બાબરા સરકારી દવાખાને અને તે બાદ વધુ સારવાર માટે એચ.સી.જી. હોસ્પીટલ રાજકોટ ખાતે લઈ ગયેલા. તે બાદ હુસેનને ત્યાં સારવાર કરાવેલી અને તે બાદ હુસેનને સારૂ થયેલ નહી અને તેનુ મરણ થયેલુ. હુ સ્થળ પર

ગયેલો ત્યારે મે સ્થળ પર ટ્રક જોયેલો તેના નંબર હાલ મને યાદ નથી અને ડ્રાઈવર કયા હતા તે હુ જાણતો નથી. આ અકસ્માત હુસેન મો.સા. લઈ શાહ પંપ તરફ જતો હતો અને સામેથી બાજુથી ટ્રક આવતો હતો ત્યારે થયેલો તેવુ મને જાણવા મળેલુ. આ કામે પોલીસ ફરીયાદ થતા પોલીસે મારી પુછપરછ કરેલી.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે અમો ધરે હાજર હોય બનાવ કેવી રીતે બનેલો તે હુ કહી શકુ નહી.

(૯.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૪ થી** સાહેદ યાસ્મીનબેન હબીબભાઈ જેઠવાને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, હુ બાબરા મુકામે રહું છું અને ધરકામ કરૂ છું. હાલના બનાવ બાબતે પુછતા જણાવુ છુ કે, આ બનાવ તા. ૧૮/૦૩/૨૪ ના રોજ નાના બસ સ્ટેન્ડ પાસે આવેલ જુની જી.ઈ.બી. ની ઓફીસ પાસે બપોરે એક વાગ્યાની આસ પાસ ના ગાળામાં બનેલો. બનાવમાં એવુ બનેલુ કે, હુ મારા ધરે હતી ત્યારે મારા પતિએ મને ધરે આવીને જણાવેલ કે, મારો દીકરો હુસેન ટુવ્હીલર લઈને જતો હતો તે સમયે જુની જી.ઈ.બી. પાસે તેનો અકસ્માત થયેલ છે અને બાબરા સરકારી દવાખાનેથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનો છે આથી હુ અને મારા પતિ રાજકોટ એચ.સી.જી. હોસ્પીટલ ખાતે ગયેલા. જયાં ડોકટરે એવુ જણાવેલ કે હુસેનને માથામાં હેમરેજ થયેલ છે તે બાદ હુસેનની સારવાર કરાવેલી અને તેને એચ.સી.જી. હોસ્પીટલેથી વેદાંત અને મધુરમ હોસ્પીટલે લઈ ગયેલા આ સમ્રગ સમય દરમ્યાન કોમામાં રહેલો તે બાદ હુસેનને રાજકોટ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાં તે ગુજરી ગયેલો. આ અકસ્માત કઈ રીતે બનેલો અને કોના દવારા બનેલો તે અંગે હુ કશું જાણતુ નથી પરંતુ મને પાછળથી એવુ જાણવા મળેલ કે એક ટ્રકવાળો અકસ્માત કરીને જતો રહેલ છે આ ટ્રકના નંબર શુ હતા વાહનચાલકનુ નામ શુ હતુ તે અંગે હુ કશુ જાણતુ નથી આથી આરોપીને જોયે ઓળખી શકુ નહી.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે અમો ધરે હાજર હોય બનાવ કેવી રીતે બનેલો તે હુ કહી શકુ નહી.

(૯.૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૫ થી** સાહેદ અશરફભાઈ આદમભાઈ પરમારને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, હું બાબરા મુકામે રહુ છું

અને સ્ક્રેપનો વેપાર કરું છું. આ કામના ફરીયાદી રફીકભાઈ કરીમભાઈ જેઠવાને હું ઓળખું છું તે મારા માસીના દીકરા થાય છે અને તેણે કરેલી ફરીયાદ બાબતે પુછતા જણાવું છું કે, આ બનાવ ચોકકસ કઈ તારીખે બનેલો તે મને યાદ નથી પરંતુ અંદાજે દોઢ–બે વર્ષ જેટલો સમય થયેલ હશે. આ સમયગાળા દરમ્યાન રમજાન માસ હતો. બનાવમાં એવું બનેલ કે, બપોરના લગભગ દોઢ વાગે હું મારી ફોરવીલ કાર લઈને મારા ઘર તરફ ચમારડીના ઝાંપે નાના બસ સ્ટે. તરફ જતો હતો ત્યારે મારી આગળ એક ટ્રક રજી. નં. જીજે.૧૧.ટીટી.૮૮૩૯ વાળો જતો હતો ત્યારે એક બાઈક ચાલક આ ટ્રકના ડ્રાઈવર સાઈડના પાછળના ભાગમાં અથડાઈ ગયેલો. આનું કારણ એવું હતું કે, આ ટ્રક વાળાએ કાવુ (કટ) મારેલ હતું. આથી મે મારી કાર સાઈડમાં ઉભી રાખી દીધેલી અને હું નીચે ઉતરીને ત્યાં જોવા ગયેલો અને જોયું તો બાઈક રોડ ઉપર પડેલી હતી અને બાઈક ચાલક રોડની સાઈડમાં પડી ગયેલો હતો અને મે જોયું તો આ બાઈક ચાલક મારા માસીના દીકરાનો દીકરો હુસેન હતો.

આ હુસેન સ્થળ ઉપર બેભાન હાલતમાં હતો તેને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી હતી. તે બાદ તેને હું મારી ફોરવીલમાં લઈને સરકારી હોસ્પિટલ બાબરા ખાતે લાવેલો અને મે આ બનાવની જાણ રફીકભાઈને કરેલી. તે બાદ રફીકભાઈ તથા તેના પરિવારના લોકો આવી ગયેલા અને બાબરા સરકારી દવાખાનાના ડોકટરના જણાવ્યા અનુસાર તેને રાજકોટ લઈ ગયેલા અને તેની સારવાર ચાલુ કરેલી પરંતુ તે બાદ હું દવાખાને ગયેલ નહીં અને ટેલિફોનિક એવું જાણવા મળેલ કે, ડોકટરે ઓપરેશન કરવાનું વિગેરે કહેલ છે અને તે બાદ આ હુસેનનું મરણ થયેલ. આ અકસ્માત સર્જનાર ટ્રક સ્પીડમાં ચાલતો હતો. આ અકસ્માત થયો તે બાદ મે નીચે ઉતરીને ડ્રાઈવર કોણ છે એવું પુછેલ પરંતુ ત્યાં કોઈએ જવાબ આપેલ નહી કે મે ડ્રાઈવરને જોયેલ નથી. આ અં ગે પોલીસ ફરીયાદ થતા પોલીસે મારી પુછપરછ કરેલી.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી રફીકભાઈ મારા માસીના દીકરા થાય છે. તે વાત ખરી છે કે જુની જી.ઈ.બી. ઓફીસ વાળો વિસ્તાર એ વાહનોની સતત અવર જવર વાળો વિસ્તાર છે. તે વાત ખરી છે કે બનાવવાળું સ્થળ સતત વાહનોની અવર જવર વાળો વિસ્તાર હોય સામાન્ય રીતે વાહનોની ગતિ ધીમી હોય.

**(૯.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૬ થી** પંચ સાહેદ ચંદ્રસિંહ નટુભા ઝાલાને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, મને તા.૨૬/૦૪/૨૪ નારોજનું પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં પંચ તરીકે મારી સહી છે આ પંચનામું બાબરા સીટીમાં થયેલું જે પંચનામું રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે. આ પંચનામું અકસ્માત થયેલ તેથી કરવામાં આવેલ હતું. મને પુછતાં જણાવું છું કે, અમારા ડ્રાઈવર ચેતનભાઈ ડવસિંહભાઈનું બાબરા પો.સ્ટે. ખાતે એક અકસ્માતમાં કેસમાં રાખેલ હતા તે હકીકત હું જાણું છું. તેઓને અટક કર્યા અંગેનું પંચનામું મારી હાજરીમાં થયેલું. હું ચેતનભાઈને ઓળખું છું તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે મે માત્ર લખેલા તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કાઈ જાણતો નથી.

**(૯.૬)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૮ થી** પંચ સાહેદ રીઝવાનભાઈ યુનુસભાઈ માલવીયાને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, મને તા.૧૧/૪/૨૪ નારોજનું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે તે ઓળખી બતાવું છું જે રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે. આ પંચનામું અકસ્માત કેસ સબંધે બાબરા નાના બસ સ્ટે. પાસે કરવામાં આવેલ હતું. આ પંચનામું થયું તે સ્થળ ઉપર અકસ્માત થયેલ હતો અને હું ત્યાંથી તે બાદ નીકળેલો ત્યારે આ પંચનામું કરવામાં આવેલ અને તેમાં હું પંચ તરીકે રહેલો હતો. મારી સાથે બીજા પંચ તરીકે અવેશભાઈ રહે. બાબરાવાળા હતા અને તેઓએ મારી હાજરીમાં આ પંચનામામાં સહી કરેલી હતી. આ અકસ્માત બાબરાવાળા હુસેનભાઈ રફીકભાઈ જેઠવાનો થયેલો તે અન્વયે પંચનામું થયેલું.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે હું રસ્તા ઉપર નીકળેલો ત્યારે પોલીસ ઉભેલી હતી અને મને પંચનામામાં સહી કરવાનું કહેતા મે તૈયાર પંચનામામાં સહી કરી દીધેલી.

**(૯.૭)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૬ થી** પંચ સાહેદ મુકેશભાઈ કાબાભાઈ વૈષ્ણવને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, મને તા.૨૬/૦૪/૨૪ નારોજનું આંક–૧૭ વાળું પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં પંચ

તરીકે મારી સહી છે આ પંચનામું બાબરામાં થયેલું. આ પંચનામું અકસ્માત થયેલ તેથી કરવામાં આવેલ હતું. મને પુછતાં જણાવું છું કે, ચંદ્રસિંહના ડ્રાઈવર ચેતનભાઈ ડવસિંહભાઈનું બાબરા પો.સ્ટે. ખાતે એક અકસ્માતમાં કેસમાં રાખેલ હતા તે હકીકત હું જાણું છું. તેઓને અટક કર્યા અંગેનું પંચનામું મારી હાજરીમાં થયેલું. હું ચેતનભાઈને ઓળખું છું તેઓ આજરોજ કોર્ટમાં હાજર નથી.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે મે માત્ર લખેલા તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કાઈ જાણતો નથી.

(૯.૮) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૭ થી** ત.ક.અ. આરીફભાઈ મહંમદભાઈ રાધનપરાને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવેલ છે કે, હું હાલ અમરેલી ખાતે લીવ રીઝર્વ પો.સ.ઈ. તરીકે ફરજ બજાવું છું. સને–૨૦૨૪ માં હું બાબરા પો.સ્ટે. માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ગુ.ર.નં.૧૬૬/૨૪ ની તપાસ મે હે.કો. ડી.કે.પરમાર પાસેથી સંભાળી લીધેલી. તેમના નામજોગનો ડે.હુકમ રજુ કરું છું જે રજુ દાખલ આંક– ૨૮ આપવામાં આવે છે. આ કામે ફરીયાદી રફીકભાઈ કરીમભાઈ જેઠવાની ટુંક ફરીયાદ હકીકત એવી હતી કે, તા.૧૮/૦૩/૨૪ નારોજ તેમનો દીકરો હુસેન રફીકભાઈ જેઠવા ટુ વ્હીલર નં.જીજે.૧૪.બી.ઈ.૫૬૨૫ વાળું લઈ નાના બસ સ્ટે. થી બાબરા શાહ પંપ તરફ જતા હતા ત્યારે જુની જીઈબી ની ઓફીસ પાસે હાઈવે ઉપર અશોક લેલન બલકર રજી.નં.જીજે.૧૧.ટીટી.૮૮૩૯ ના ચાલકે તેમના હવાલાનું વાહન પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના દીકરા સાથે અકસ્માત કરી ઈજા પહોંચાડેલ.

આ સમયે આ ફરીયાદ ઈ.પી.કો. ક.૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમો તળે દાખલ કરવામાં આવેલી હતી પરંતુ તે બાદ સારવાર દરમ્યાન ફરીયાદીના દીકરા હુસેન રફીકભાઈ તા.૩૦/૦૭/૨૪ નારોજ મરણ થયેલ હોય તેથી આ કામે ઈ.પી.કો. ક.૩૦૪(એ) નો ઉમેરો થવા અમોએ નામ.કોર્ટમાં અરજ કરેલ જે રીપોર્ટની સ્થળપ્રત મારી સહી ઓળખી રજુ કરું છું જે રજુ દાખલ આંક–૨૯ આપવામાં આવે છે અને તે બાદ આ તપાસ અમોએ હે.કો. ડી.કે.પરમાર પાસેથી સંભાળી લીધેલી.

આ કામે હે.કો. ડી.કે.પરમારે તેમની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા ઉપરોકત અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ચેતનભાઈ ડવસિંહ નાઓને અટક

પંચનામાની વિગતે અટક કરેલા અને સાહેદના બતાવ્યા મુજબ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તે તમામ પંચનામાઓમાં તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવું છું તે બાદ તેમણે આ કામે જરુરી સારવાર કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મે મારી તપાસ દરમ્યાન સાહેદોના વિશેષ નિવેદનો લીધેલા, મરણ જનારનું મરણ પ્રમાણપત્રની નકલ મેળવવા યાદી કરેલી જેના આધારે પ્રમાણપત્ર આવી જતા તપાસના કામે સામેલ રાખેલ જે આ કામે આંક–૨૨ થી રજુ છે. આ કામે આંક–૨૩ થી મે મરણ જનારનું મેળવેલ ડેથ સમરી રીપોર્ટ રજુ છે તથા મેડીકલ પેપર્સ પણ સામેલ રાખેલ. આ કામે મે અકસ્માતમાં સંડોવાયેલ ટ્રકની આર.સી.બુક તથા વાહન ચાલકનું લાયસન્સની ઝેરોક્ષ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે ઝેરોક્ષ બચાવપક્ષની સં મતિથી રજુ દાખલ આંક–૩૦ આપવામાં આવે છે. આ રીતે મારી તપાસના અંતે પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે ઓળખી શકું.

તેમજ બચાવપક્ષે કરેલી ઉ.ત.મા આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વાત ખરી છે કે આ કામે ફરીયાદ આરોપીના નામજોગ આપેલ નથી. તે વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદ મોડી આપેલ છે. તે વાત ખરી છે કે બનાવવાળુ સ્થળ જાહેર વિસ્તાર છે અને ત્યાં માણસો અને વાહનોની અવર જવર રહે છે.

(૯.૯) આ સિવાય આ કામમાં આંક–૨૦, ૨૧, ૨૪ સુધીના સારવાર સર્ટી. તથા આંક–૨૪ થી મરણપ્રમાણપત્રની નકલ તથા આંક–૨૩ થી ડેથ સમરી ફોર્મ તથા આંક–૩૦ થી ડ્રાઈવિંગ લાયસન્સની નકલ તથા આંક–૩૧ થી ટ્રકના આર.સી. બુકની નકલ આરોપીના વિ.વ.શ્રીએ 'આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નથી" તેવો શેરો કરી કબુલ રાખેલ છે. જેથી સદર દસ્તાવેજી પુરાવાની હકીકતો પુરવાર થાય છે, પરંતુ આ કામે રજુ થયેલ અન્ય પુરાવો ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધના આક્ષેપો પુરવાર થતા નથી, આ સંજોગોમાં ઉપરોકત દસ્તાવેજી પુરાવા આરોપી તરફે કબુલ રાખવામાં આવેલ હોવા છતાં તે ફરિયાદપક્ષને મદદરૂપ થતો નથી.

**ઃ– પુરાવાકીય મુલ્યાંકન ઃ–**

**(૧૦)** આમ, હવે આ કામે ફરીયાદી તથા સાહેદોની સમગ્ર જુબાની જોવામાં આવે તો ફરીયાદીએ તા.૧૮/૦૩/૨૦૨૪ ના રોજ તેઓના માસીના દીકરા અશરફભાઈએ ફોન કરીને તેઓના દીકરા હુસેનનો અકસ્માત થયેલ હોવાનું અને બાબરા સરકારી દવાખાને ગયેલ હોવાનું અને ત્યા તેઓનો દીકરો બેભાન હાલતમાં હોવાનું અને તેને લોહી નીકળતું હોવાનું અને બાદમાં તેને સારવાર આપેલ હોવાનું અને ત્યારબાદમાં લાંબી સારવાર બાદ ગુજરી ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તેઓએ એમ પણ જણાવેલ છે કે બનાવ સમયે તેઓ ગામડે હતા તથા બનાવની હકીકત અશરફભાઈએ તેઓને જણાવેલ હતી અને બાદમાં તેઓએ ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. તેમજ બચાવપક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે બનાવ સમયે તેઓ તેમના કામના સ્થળેથી ઘરે આવતા હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહીં તથા બનાવ સ્થળ એ શાહ પેટ્રોલપંપ પાસે આવેલ ચાર રસ્તા હોવાનું સ્વીકારેલ છે. આમ, સદરહુ ફરીયાદી મ.જ.ના સગા થતા હોય ફરીયાદ આપેલાનું જણાવેલ છે પરંતુ સદરહુ ફરીયાદીની ફરીયાદ અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં જે હકીકત જણાવી જાય છે તેના પરથી અહી ઉપરોકત ગુન્હાની કલમોનો ગુનો સાબિત થવા માટે હાલના આરોપીએ જ પોતાના કબ્જાવાળો ટ્રક પૂર ઝડપે બેફામપણે અથવા બેદરકારીપૂર્વક ચલાવેલ અને જેના કારણે જનસમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોવાની કે કોઈનું મૃત્યુ થયેલ હકીકતોને આ ફરીયાદી સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી હાલના આરોપીની બેદરકારી અને ભુલના કારણે જ સદરહુ અકસ્માત થયેલ હોય અને મરણજનાર મૃત્યુ પામેલ હોય તેવો કોઈ પુરાવો સદરહુ ફરીયાદીની જુબાની પરથી ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી.

**(૧૧)** તેમજ આ કામે અન્ય સાહેદ કામીલભાઈ તથા સાહેદ યાસ્મીનબેનનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ બનાવ નજરે જોયેલ ન હોય કેવા સંજોગોમાં બનેલ તે અંગે કોઈ અંગત માહિતી ન હોવાનું અને ટ્રક ડ્રાઈવરને ઓળખી શકતા ન હોવાનું જણાવેલ છે ત્યારે અકસ્માતવાળું વાહન કોણ ચલાવતું હતુ કે તેના નંબર શું હતા તેવી કોઈ હકીકત સદર સાહેદો જણાવતા નથી ત્યારે તેઓનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૨)** તેમજ આ કામે અન્ય સાહેદ અશરફભાઈનો પુરાવો જોતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તેમની ફોરવ્હીલ કાર લઈને જતા હતા ત્યારે તેઓની આગળ એક ટ્રક રજી.નં.જીજે–૧૧–ટીટી–૮૮૩૯ વાળો જતો હતો અને એક બાઈક ચાલક આ ટ્રકના ડ્રાઈવર સાઈડના પાછળના ભાગમાં અથડાઈ ગયેલ અને આ ટ્રકે કાવું (કટ) મારતા અકસ્માત થયેલ અને જેથી તેઓએ કાર સાઈડમાં ઉભી રાખી દીધેલી અને તેઓ નીચે ઉતરીને ગયેલ ત્યારે આ બાઈક ચાલક તેઓના માસીના દીકરાનો દીકરો હુસેન હતો અને જેને ફોરવ્હીલમાં બાબરા સરકારી દવાખાને લઈ ગયેલ તથા તેઓએ આ બનાવની જાણ રફીકભાઈને કરેલી તથા આ અકસ્માત સર્જનાર ટ્રક સ્પીડમાં ચાલતો હતો તથા અકસ્માત બાદ તેઓ ટ્રકના ડ્રાઈવર વિશે પૂછેલ પરંતુ કોઈએ જવાબ આપેલ નહીં કે તેઓએ ડ્રાઈવરને જોયેલ નહીં તેમ જણાવેલ છે. તેમજ ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફરિયાદી તેઓના માસીના દીકરા થાય છે તથા જુની જી.ઈ.બી.વાળો વિસ્તાર એ વાહનોની સતત અવરજવરવાળો વિસ્તાર છે અને જેથી સામાન્ય રીતે વાહનોની ગતી ધીમી હોય છે.

**(૧૩)** આમ, સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં અકસ્માતવાળા ટ્રકના નંબર તથા ટ્રક ચાલકે કાવું મારતા પાછળથી બાઈક ચાલક અથડાઈ ગયેલ હોવાનું જણાવે છે પરંતુ સદર ટ્રકના ચાલક તે હાલના જ આરોપી હોય તેમ તેઓ જણાવી શકતા નથી કે બાદમાં પણ હાલના જ આરોપી ટ્રક ડ્રાઈવર તરીકે હતા તેવી હકીકત જાણવા મળેલ હોવાનું જણાવતા નથી. વિશેષમાં સરતપાસમાં ટ્રક સ્પીડમાં ચાલતો હોવાનું જણાવે છે જયારે બચાવપક્ષની ઊલટતપાસમાં અકસ્માત સ્થળ વાહનોની સતત અવરજવરવાળો વિસ્તાર હોય વાહનો ધીમી ગતીએ ચાલતા હોવાનું સ્વીકારે છે ત્યારે અકસ્માતવાળા વાહનની ગતી અંગે પણ શંકા ઉપજાવે તેવી હકીકત સદર સાહેદ જણાવે છે. આમ, અકસ્માતવાળા ટ્રકના ડ્રાઈવર તે હાલના આરોપી જ હોય તેવો આરોપીની ઓળખ અંગેનો મહત્વનો કોઈ ઠોસ પુરાવો સદર સાહેદ જણાવી શકતા નથી કે ટ્રકના વાહનની ગતિ અંગે પણ સદર સાહેદ વિરોધાભાસી હકીકતો જણાવતા હોય ત્યારે સદર સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સંપૂર્ણપણે સમર્થન મળતું નથી કે હાલના આરોપીની જ બેદરકારીને કારણે જ હાલનો અકસ્માત થયેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ સદરહુ સાહેદના પુરાવાથી સાબીત કરી શકેલાનું જણાતું નથી.

**(૧૪)** તેમજ આ ઉપરાંત તપાસવામા આવેલ તપાસ કરનારે પણ પોતાની ફરજ મુજબની કામગીરી કરેલાનું જણાવી બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે ફરિયાદ આરોપીના નામજોગ આપેલ નથી તથા ફરિયાદ મોડી આપેલ છે તથા બનાવ સ્થળ એ જાહેર વિસ્તાર છે અને માણસો અને વાહનોની અવરજવરવાળો વિસ્તાર છે. જેથી ઉપરોક્ત સ્વીકારેલ હકીકતો જોતાં પણ માત્ર તપાસ કરનારશ્રીના પુરાવા પરથી આરોપી સામેનો ગુનો સાબિત થવા અંગેનો જરૂરી મહત્વનો પુરાવો રેકર્ડ પર આવતો નથી. તેમજ આ કામે અટક પંચનામાના પંચ

સાહેદોને તપાસેલ હોય તેઓએ આરોપીને અટક કરવામાં આવેલ હોવાનું અને પંચનામાના તેઓએ માત્ર તૈયાર પંચાનામામાં જ સહી કરેલાનું અને સહી કર્યા સિવાય અન્ય કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ હોય પંચનામાઓ સંબંધી હકીકત પણ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેમજ ગુનાવાળી જગ્યાના પંચોએ પણ માત્ર તેઓ અકસ્માતવાળા સ્થળ પાસેથી નીકળતા પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. પરંતુ જયારે ફરીયાદી કે તપાસેલ અન્ય સાહેદોએ ફરીયાદ હકીકતને જયારે સમર્થનકારી પુરાવો આપેલ નથી ત્યારે અન્ય કોઈ સાહેદોના પુરાવા પરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ જણાતું નથી.

(૧૫) વધુમાં આ કામે કોઈ અન્ય સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી અને રજુ સમગ્ર પુરાવો જોવામાં આવે તો તેમાં હાલના જ આરોપી આ ટ્રક ડ્રાઈવર હોય અને તેઓ જ બેદરકારી કે ગફલતભરી રીતે અને પૂરઝડપે ટ્રક ચલાવતા હોય અને જેથી હાલનો બનાવ બનેલ હોય કે હાલનો અકસ્માત કરેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થતું નથી, કે એટલો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે આરોપીને આ ગુના સાથે સાંકળી શકાય. આમ આરોપી સામેનો ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ક. ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ હોય, કે આ વાહન બેફામપણે અથવા બેદરકારીપૂર્વક જનસમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા કોઈ વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય કે મૃત્યુ નીપજાવેલ હોય અને તે રીતે ચલાવી આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યું તેવું કે તેવા કૃત્યના કારણે માનવ જીંદગી કે અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાઈ હોય તેવું કે આ આરોપીને કારણે સાહેદને મહાવ્યથા નિપજી હોય કે મૃત્યુ થયેલ હોય અને આરોપીએ લોકો માટે જોખમી હોય એવી ઝડપે/રીતે વાહન ચલાવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરી શકેલ નથી.

(૧૬) આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામમાં તપાસવામાં આવેલ ફરિયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો આ કામના આરોપીની બેદરકારી કે તેઓના ટ્રકની ઝડપ અંગે કોઈ સ્પષ્ટતા રેકર્ડ ઉપર આવેલ નથી. આમ જયારે હાલના આરોપીએ જ ટ્રક ચલાવી લાવી બેદરકારી કે ગફલત કે પુરઝડપથી હાલનો ગુનો કરેલ હોય તેવું રેકર્ડ ઉપર સાબિત થતું નથી, ત્યારે કેસના બાકીના પુરાવાનું કોઈ મહત્વ રહેતુ નથી. આ સંજોગોમાં આરોપીને દોષિત

ઠેરવી શકાય નહીં. આમ આરોપી વિરૂધ્ધનો ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સંપૂર્ણ નિષ્ફળ નિવડેલ છે. આ સિવાય અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી ત્યારે આ કામે રજુ થયેલ સાહેદોની જુબાનીથી આરોપી સામે ફરીયાદને સમર્થનકારી પુરાવો મળી આવતો નથી.

(૧૭) ભારતીય પુરાવા ધારાની કલમ ૧૩૪ લક્ષ પર લેવામાં આવે તો :–

**134. Number of witness: -**

No particular number of witnesses shall in any case be required for the proof of any fact.

તે સિધ્ધાંત મુજબ કોઈ પણ કેસ સાબીત કરવા માટે કોઈ નિશ્ચીત સં ખ્યામાં સાહેદો તપાસવા જરૂરી નથી. ફકત બનાવને સમર્થન કરતા એક જ સાહેદની જુબાની ઉપરથી બનાવ સાબીત ગણી શકાય પરંતુ જયારે એક સાહેદની જુબાની ઉપરથી બનાવ સાબીત ગણવો હોય તો તે સાહેદની જુબાની એટલી સુદ્દઢ હોવી જોઈએ કે જેથી તેના ઉપર આધાર રાખી આરોપીને ગુનેગાર ઠરાવી શકાય. એક માત્ર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા થઈ શકે તે માટે આવા સાહેદની વિશ્વસનીયતા કોઈપણ પ્રતિ સંજોગોથી શંકાસ્પદ હોવી જોઈએ નહી. પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે તેનો જથ્થો. પરંતુ હાલના કેસમાં આરોપીને ગુનેગાર ઠરાવવા માટે પુરાવાની જે ગુણવત્તા જોઈએ તેનો અભાવ વર્તાય છે.

(૧૮) આમ, રેકર્ડ ઉપરની ફરિયાદ, ફરિયાદી અને તેમનો કોર્ટ રૂબરૂનો પુરાવો લક્ષે લેતા ફરિયાદપક્ષ બનાવ સમયની ફરીયાદ મુજબની હકીકતો કે આરોપીની ઓળખ કે બેદરકારી સાબિત કરી શકેલ નથી, અને આ કામે અન્ય કોઈ પુરાવો ના આપી, બનાવ સમયે વાહનની પુરઝડપ, બેફીકરાઈ તેમજ માનવજીંદગી જોખમાય તે રીતે ચલાવવું પુરવાર કરી શકેલ નથી અને તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોય, રજૂ થયેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીને આ ગુન્હામાં દોષિત ઠરાવી શકે તેમ ન હોઈ જેથી ફરિયાદ પક્ષ પોતાનો હાલનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નહીં હોવાનું પણ મારૂ નમ્રપણે માનવું હોય, જેથી આ અદાલત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબ હુકમ કરૂ છું.

**–:: આખરી હુકમ :–**

(૧) આ કામના આરોપી **ચેતનસિંહ ડવસિંહ રાવત ઉ.વ.૩૦** રહે. મું.પીથડા, મંડાવર, હાઈસ્કૂલની સામે, તા.ભીમ જિ.રાજસમંદ (રાજસ્થાન) હાલ રહે.નેશનલ હાઈ–વે

બાયપાસ, રાજશકિત રોડવેઝ, ગોંડલ, જિ.રાજકોટવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે **ઈ.પી.કો કલમ– ૩૦૪(અ), ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ **ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)** ની જોગવાઈ મુજબ દરેકે રૂા.૧૫,૦૦૦–૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન તથા જાતમુચરકા, જો આ કામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના અત્રેની કોર્ટમાં આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **: ૩૦ મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ– બાબરા

તા.૩૦/૦૩/૨૦૨૬

**(ગૌતમસિંહ દેવડા)**

કોડ નં.જી.જે. ૦૧૫૪૮

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

બાબરા.